આથી કોલેજમાં અભ્યાસ કરતા અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને જાણ કરવામાં આવે છે કે આગામી સત્રમાં જે કોઈ વિદ્યાર્થીઓએ ધોરણ-12ની પરીક્ષા આપેલ છે અને જેમનું રિઝલ્ટ આવ્યું નથી એવા આપની આજુ બાજુના **ધોરણ-12ના દરેક વિદ્યાર્થીઓને આ મેસેજથી જાણ કરવા વિનંતી છે કે** આગામી નવા શૈક્ષણિક સત્ર (2024-2025)થી શરૂ થતા પ્રવેશ માટે આખા ગુજરાતની બધી યુનિવર્સિટીની કોલેજો માટે કોમન એડમિશન સિસ્ટમ અમલમાં આવે છે. જેના માટે તા.: 01-04-2024થી વિદ્યાર્થીઓએ પોતાનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

**ઓનલાઈન રજીસ્ટ્રેશન લિન્ક:** https://gcasstudent.gujgov.edu.in/applicants/QuickRegistration.aspx

**પ્રવેશ પ્રક્રિયા માટે રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.** રજીસ્ટ્રેશન વગર ગુજરાત ની કોઈપણ કોલેજમાં અભ્યાસ અર્થે પ્રવેશ મળી શકશે નહીં જેની દરેક વિદ્યાર્થીઓએ નોંધ લેવી. આ માટે GD MODI COLLEGE OF ARTS, PALANPURના Help Centreનો સવારે ૯:૦૦ થી ૧૨:૦૦માં રૂબરૂમાં સંપર્ક કરવો.

**વધુ માહિતી માટે....**

ઓનલાઈન નોંધણી પ્રવેશ પ્રક્રિયા સૂચનાઓ: https://gcasstudent.gujgov.edu.in/Documents/GENERAL_INSTRUCTIONS.pdf

**વિડીયો લિન્ક**: https://youtu.be/G2WIAghBDw0?si=J_-azKwzBXrLN4uu

**સામાન્ય પ્રશ્નાવલી લિંક:** https://gcas.gujgov.edu.in/Content/faqs-194

| Organization Name | Contact No | Email |
|---|---|---|
| GCAS ટેકનિકલ હેલ્પલાઈન | 07923277360 | support-gcas@gujgov.edu.in |
| જી.ડી. મોદી કૉલેજ ઓફ આર્ટસ, પાલનપુર | 02742253784 | principal@gdmca.ac.in |
| ડૉ. મિહિર એમ. દવે | 94283 69261 | |
| પ્રા. હેમલબેન જે. પટેલ | 94289 80891 | |
| શ્રી હિમાંશુ એસ. રાવલ | 82007 45854 | |

જીકાસ પોર્ટલ લિંક: https://gcas.gujgov.edu.in/


# સામાન્ય સૂચનાઓ

## ઉમેદવારની નોંધણી અને પ્રવેશપ્રક્રિયા

***A. વપરાશકર્તા/ઉમેદવારનું નવું ID બનાવવું :***

*1. CGAS વેબ સાઈટ પર જવું*

*2. 'Apply Now'નો વિકલ્પ શોધવો, અથવા 'www. GCAS.edu.in' એ ઓનલાઈન રજિસ્ટ્રેશન લિન્ક દ્વારા રજિસ્ટ્રેશન કરવું.*




*3. જરૂરી વ્યક્તિગત વિગતો સાથે ઓનલાઇન નોંધણી ફોર્મ ભરવાની પ્રક્રિયા :*

- *નામ : HSC માર્કશીટ/૧૨મા ધોરણની માર્કશીટમાં હોય તે પ્રમાણેનું ઉમેદવારે પોતાનું નામ ભરવાનું રહેશે.*
- *જન્મતારીખ : ઉમેદવારે તેમની ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાની માર્કશીટ* HSE *કે 10મા ધોરણની માર્કશીટમાં ઉલ્લેખ કર્યા મુજબ* DD/MM/YYYY *ફોર્મેટમાં, એટલે કે તારીખ, મહિના અને વર્ષ પ્રમાણે જન્મતારીખ નોંધવાની રહેશે.*
- *મોબાઇલ નંબર : જે તે દેશના કોડ સાથે 10 અંકનો મોબાઇલ નંબર નોંધવો. દા.ત. (91) 9632388997. (સમગ્ર પ્રવેશપ્રક્રિયા દરમિયાન સુલભ હોય, વપરાશમાં હોય તેવો માન્ય મોબાઇલ નંબર ઉમેદવારે નોંધવાનો રહેશે.)*
- *ઈ-મેઈલ આઈડી : ઉમેદવારે માન્ય ઈ-મેઈલ આઈડી આપવાનું રહેશે. દા.ત. abcdef@gmail.com, abcdef@yahoo.com અથવા તો અન્ય.*

*૪. ચકાસણી અને નોધણીનું અંતિમ સોપાન – ફાઈનલ સબમિશન*

*૫. રજિસ્ટર્ડ ઈ-મેઇલ આઇડી અને મોબાઈલ નંબર પર એક ઓટીપી આવશે.*

*૬. ઉમેદવારે આઇડી બનાવવું.*


*૭. ઈ-મેઇલ આઇડી અને મોબાઈલ નંબર પર યુઝરનેમ અને પાસવર્ડ મોકલવામાં આવશે.*

*૮. ઉમેદવારે રજિસ્ટ્રેશન પછી તરત જ પોતાનો પાસવર્ડ બદલવાનો રહેશે.*

*નોંધ: રજિસ્ટ્રેશન કર્યા પછી ઉમેદવારનું પોતાનું ખાસ આઇડી વેબસાઇટ પર બનાવવામાં આવશે. લોગ ઇન કરતી વખતે ઉમેદવારે પોતાની ઓળખ (યુઝરનેમ અને પાસવર્ડ)નો ઉપયોગ કરવાનો રહેશે.*

***B. પ્રવેશપ્રક્રિયા :***


*1. ઉમેદવારે પોર્ટલ પર નોંધણી કર્યા પછી આપવામાં આવેલ યુઝર આઇડી અને પાસવર્ડ સાથે પોર્ટલમાં લોગ ઈન કરવાનું જરૂર છે.*




*2. રજિસ્ટર્ડ ઈ-મેઇલ આઇડી અને મોબાઈલ નંબર પર એક ઓટીપી આવશે.*

*3. લોગ ઈન કર્યા પછી ઉમેદવાર પોતાનું એપ્લિકેશન ફોર્મ જોઈ શકશે, એક્સેસ કરી શકશે.*

4. ઉમેદવારે રાજ્યમાં સંબંધિત અભ્યાસક્રમો અને યુનિવર્સિટીઓ/કૉલેજોને પસંદ કરવાની રહેશે. ઉમેદવાર ઇચ્છે તેટલા પ્રવાહ, અભ્યાસક્રમ અથવા યુનિવર્સિટીઓ/કૉલેજો પસંદ કરી શકે છે.





| Sr No. | University Name | College Name | Porgam Name | District Name | College Type | Add |
|---|---|---|---|---|---|---|
| 1 | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY | NAVYUG SCIENCE COLLEGE, SURAT. | BACHELOR OF ARTS | SURAT | GOVERNMENT | |
| 2 | BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY | BAHAUDDIN SCIENCE COLLEGE | BACHELOR OF ARTS | JUNAGADH | GOVERNMENT | |

Selected Choice

| Sr No. | University Name | College Name | Porgam Name | District Name | College Type | Remove |
|---|---|---|---|---|---|---|
| 1 | SHRI GOVIND GURU UNIVERSITY | SHETH P. T ARTS & SCIENCE COLLEGE, GODHRA | BACHELOR OF ARTS | GODHRA | GOVERNMENT | |
| 2 | SARDAR PATEL UNIVERSITY | SHRI R. P. ARTS, K. B. COMMERCE & SMT. B. C. J. SCI. COLLEGE - KHAMBHAT | BACHELOR OF ARTS | KHAMBHAT | GOVERNMENT | |




5. અભ્યાસક્રમો અને તેને સંબંધિત યુનિવર્સિટીઓ/કૉલેજોની પસંદગી પછી ઉમેદવારે અરજી ફોર્મ ભરવાનું રહેશે.




6. અરજી ફોર્મ ભરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે :

- નામ : ઉમેદવારનું નામ હાયર સેકન્ડરી એક્ઝામિનેશન (HSE) માર્કશીટ પ્રમાણે/૧૨મા ધોરણની માર્કશીટ મુજબનું હોવું જોઈએ.
- જન્મતારીખ : જન્મતારીખ 10મા ધોરણની માર્કશીટ અને સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટમાં જણાવ્યા મુજબની હોવી જોઈએ.


• કેટેગરી : કેટેગરી માટે આ પ્રમાણેના દસ્તાવેજ, પૂરાવાઓ ઉમેદવારે અપલોડ કે સામેલ કરવાના રહેશે : જનરલ કેટેગરીમાં આવતા ઇડબ્લ્યુએસ (આર્થિક રીતે નબળા વર્ગ), એસસી (અનુસૂચિત જાતિ), એસટી (અનુસૂચિત જનજાતિ), ઓબીસી (અન્ય પછાત જાતિ) અને એસઇબીસી (સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગ), વિચરતી જનજાતિઓ અને બિન-સૂચિત જનજાતિ





7. ભરેલા અરજી ફોર્મનું પુનરાવલોકન. (આખરી સબમિશન કરતાં પહેલાં સમગ્ર અરજીપત્રક પર ફરીથી એક નજર નાખવાનું સૂચન કરવામાં આવે છે.)

8. આપવામાં આવેલી પેમેન્ટ ગેટવે લિન્ક દ્વારા એપ્લિકેશન ફીની ચૂકવણી. (યુનિવર્સિટીઓ/કૉલેજો, પ્રવાહો અને અભ્યાસક્રમોની અમર્યાદિત પસંદગી માટે માત્ર એક વખતની એપ્લિકેશન ફીની ચૂકવણી).

9. ભરેલા અરજી ફોર્મને ઉમેદવારના સંબંધિત ઈ-મેઇલ આઇડી પર આપમેળે મોકલવામાં આવશે.



10. ઉમેદવાર દ્વારા નોંધણીનું અંતિમ સોપાન – ફાઈનલ સબમિશન




11. ઉમેદવાર દ્વારા પસંદ કરવામાં આવેલી તમામ યુનિવર્સિટી/કૉલેજોને સબમિટ કરેલી અરજી મોકલવામાં આવશે.


12. દરેક યુનિવર્સિટી/કૉલેજ ઉમેદવારોનું એક અલગ મેરિટ લિસ્ટ બનાવશે. યુનિવર્સિટી/કૉલેજને મેરિટ લિસ્ટ બનાવવા માટે અને ત્યાંના મેરિટ લિસ્ટ મુજબ વિદ્યાર્થીઓને ઈ-મેઇલ મોકલવા માટે કહેવામાં આવી શકે છે.

13. મેરિટ લિસ્ટના આધારે, પસંદ થયેલા ઉમેદવાર દસ્તાવેજની ચકાસણી અને ફી સબમિટ કરવા માટે યુનિવર્સિટી/કૉલેજની મુલાકાત લેશે.

14. યુનિવર્સિટી/કૉલેજ ઉમેદવારની પુષ્ટિ કરશે અને તેની નોંધણી કરશે.

**પાસવર્ડ રીસેટ કરવો – બદલવો :** ઉમેદવાર નીચે જણાવ્યા મુજબનાં સ્ટેપ્સ પછી કોઈ પણ સમયે તેમના પાસવર્ડને રીસેટ કરી શકે છે :

*1. લોગ ઈન પેજ પર ઉપલબ્ધ Forgot Password ટેબ પર ક્લિક કરો.*




*2. વપરાશકર્તા ઉમેદવારનું ઈ-મેઈલ આઈડી, એપ્લિકેશન નંબર અને જન્મતારીખની વિગત આપીને Submit બટન પર ક્લિક કરો.*

*3. રજિસ્ટર્ડ ઈ-મેઈલ આઇડી અથવા મોબાઈલ નંબર પર એક ઓટીપી આવશે.*

*4. પાસવર્ડ રીસેટ કરો*

***અન્ય મહત્ત્વપૂર્ણ સૂચનો :***

*1. અંતિમ નોંધણી, ફાઈનલ સબમિશન પહેલાં તમામ પ્રશ્નો પૂર્ણ કરવા ફરજિયાત છે.*

*2. હંમેશાં અપડેટેડ, વપરાશમાં હોય તેવાં ઈ-મેઈલ આઇડી અને મોબાઈલ નંબરની વિગત ભરવાની ખાતરી કરો. આપેલા મોબાઈલ નંબર દ્વારા અરજી ફોર્મ સંબંધિત મહત્ત્વપૂર્ણ અપડેટ આપવામાં આવશે.*

*3. ઉમેદવારે માતા-પિતા/વાલીઓનો સક્રિય સંપર્ક નંબર સબમિટ કરવો ફરજિયાત છે.*

*4. લાયકાત સંબંધિત તમામ વિગતો યોગ્ય રીતે દાખલ કરવી ફરજિયાત છે. આને કારણે યુનિવર્સિટીઓ/કૉલેજોને સબમિટ કરેલા અરજી ફોર્મને શોર્ટલિસ્ટ કરવામાં મદદ મળે છે.*

*5. દસ્તાવેજની ચકાસણી અને અંતિમ નોંધણી માટે ઉમેદવારે યુનિવર્સિટી/કૉલેજની પસંદ કરેલી યાદી સંદર્ભે ઈ-મેઇલ મળ્યા પછી યુનિવર્સિટી/કૉલેજની મુલાકાત લેવાની રહેશે.*

*6. વિકલાંગપણું : ઉમેદવારે શારીરિક વિકલાંગણાના 45 ટકાથી વધુનું પ્રમાણપત્ર સામેલ કરવાનું રહેશે.*

# સામાન્ય પ્રશ્નાવલી

Back

**પ્રશ્ન-૧ : શું હું એક જ અરજીપત્રકમાં એકથી વધુ યુનિવર્સિટી માટે અરજી કરી શકું ?**

હા, વિદ્યાર્થીઓ એક જ અરજી ફોર્મમાં એક જ વખતની ફીના વિકલ્પ સાથે ઇચ્છે તેટલી

યુનિવર્સિટીઓ/કૉલેજો, પ્રવાહો, અભ્યાસક્રમોની પસંદગી કરી શકે છે.

**પ્રશ્ન-૨ : મારી અરજી સ્વીકારવામાં આવી છે કે નહીં તેની મને કેવી રીતે ખબર પડે?**

એક વખત વિદ્યાર્થી એપ્લિકેશન ફોર્મ સબમિટ કરી લે પછી, તે જ એપ્લિકેશન ફોર્મ તમામ શોર્ટલિસ્ટ થયેલ યુનિવર્સિટીઓ/કૉલેજોને મોકલવામાં આવશે. ભરેલ એપ્લિકેશન ફોર્મ આપમેળે વિદ્યાર્થીના સંબંધિત ઇ-મેઇલ આઈડી પર મોકલવામાં આવશે.

**પ્રશ્ન-3: ખાસ યુનિવર્સિટી/કૉલેજમાં પસંદગી પામ્યા પછી શું મારે કોઈ ઑફલાઈન એવા વધુ દસ્તાવેજો રજૂ કરવાની જરૂર છે?**

નિયમાનુસાર ફોર્મેટમાં એપ્લિકેશન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીએ મૂળ દસ્તાવેજોની સ્કેન કરેલી નકલ વેબસાઇટ પર અપલોડ કરવાની રહે છે. કોઈ પણ યુનિવર્સિટી/કૉલેજમાંથી પ્રવેશની

ઓફર મળ્યા બાદ, વિદ્યાર્થીએ ચકાસણી માટે યુનિવર્સિટીમાં અસલ – ઓરિજિનલ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.

**પ્રશ્ન-4 :પોર્ટલ પર કોઈ પણ વિદ્યાર્થીએ કેટલા સમય સુધીમાં એપ્લિકેશન ફોર્મ ભરવું જોઈએ?**

12મા ધોરણના બોર્ડના પરિણામ જાહેર થયાના એક અઠવાડિયા પછી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ થશે અને વિદ્યાર્થીએ 15 દિવસની સમયમર્યાદામાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

**પ્રશ્ન-5 :જો વિદ્યાર્થીનું એપ્લિકેશન ફોર્મ લાગુ પડતી તમામ યુનિવર્સિટી/કૉલેજોમાંથી નામંજૂર કે રદ કરવામાં આવે તો શું કરવાનું?**

શોર્ટલીસ્ટ થયેલી યુનિવર્સિટીઓ/કૉલેજોમાંથી એપ્લિકેશન નામંજૂર/રદ કરવાના કિસ્સામાં વિદ્યાર્થીને અન્ય યુનિવર્સિટીઓ/કૉલેજો પસંદ કરવા માટે અન્ય બે રાઉન્ડ મળશે. અગાઉ જે

યુનિવર્સિટીઓ/કૉલેજોની પસંદગી કરવામાં આવી ન હોય તેવી જ યુનિવર્સિટીઓ/કૉલેજોની પસંદગી કરવાની ભલામણ કરવામાં આવે છે.


**પ્રશ્ન-6 : શું મારે બીજી વખત આ સિસ્ટમમાં લૉગ ઇન કરવા માટે મારે ફરીથી રજિસ્ટર કરવાની જરૂર છે ?**

એકવાર નોંધણી કરાવ્યા પછી, વિદ્યાર્થીને તેમના સંબંધિત ઇ-મેઇલ આઇડી, એસએમએસ પર નોંધણીના ભાગરૂપે મોકલવામાં આવેલા યુઝર આઇડી અને પાસવર્ડ સાથે જરૂરી હોય તેટલી વખત વેબસાઇટમાં લોગ ઇન કરી શકે છે. ઉમેદવારે માત્ર યુઝર આઈડી અને પાસવર્ડ સુરક્ષિત, યાદ રાખવાની જરૂર છે.

**પ્રશ્ન-7 : ઉમેદવારે સી.જી.એ.એસ.માં રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે?**

હા. ગુજરાત રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓ, હાયર એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂટ્સ, સરકારી કૉલેજો, ગ્રાન્ટ-ઇન-એઇડ કૉલેજો અને પબ્લિક યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી સેલ્ફ ફાઈનન્સ સંસ્થાઓ માત્ર સી.જી.એ.એસ. પોર્ટલ દ્વારા જ વિદ્યાર્થીઓને શોર્ટલિસ્ટ કરશે કે પ્રવેશ માટે પસંદ કરશે. જે વિદ્યાર્થીઓએ ઉપરોક્ત કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાં ઉચ્ચ શિક્ષણના કોઈ પણ પ્રવાહમાં પ્રવેશ માટે અરજી કરી હોય તેઓને સી.જી.એ.એસ. દ્વારા જ પ્રવેશ માટેની પસંદગી મળશે.

**ક્યા ક્યા દસ્તાવેજો અપલોડ કરવા**




અભ્યાસક્રમના જુદા જુદા સ્તરમાં પ્રવેશ માટે જરૂરી દસ્તાવેજોનો અલગ સેટ છે. ઉદાહરણ તરીકે, સ્નાતકકક્ષાના અભ્યાસક્રમો માટે ઉમેદવારે અન્ય સંબંધિત દસ્તાવેજો સાથે 12મા ધોરણની માર્કશીટ સબમિટ કરવાની રહેશે. દરેક અભ્યાસક્રમના વર્ણનમાં વિગતવાર માહિતી જોડાયેલી છે.

**પ્રશ્ન-9: યુનિવર્સિટી/કૉલેજ તરફથી મેરિટ લિસ્ટ અંગેનો ઇ-મેઇલ મળ્યા બાદ શું પગલાં ભરવાના રહેશે?**

એક વખત વિદ્યાર્થીને સંબંધિત યુનિવર્સિટી/કૉલેજ તરફથી મેરિટ લિસ્ટ અંગેનો ઇ-મેઇલ મળી જાય પછી, વિદ્યાર્થીને સંબંધિત યુનિવર્સિટી/કૉલેજનો સંપર્ક કરવા અને તેની મુલાકાત લેવાનું સૂચન કરવામાં આવે છે.



Copyright © 2023 GCAS